Bhakta Kavi Narsinh Mehta University
Govt. Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh, Gujarat (India)-362 263
Ph.(0)0285-2681400 / Fax : 0285-2681503
Website : http://www.bknmu.edu.in Email : cebknmu@gmail.com

**પરીપત્ર**

**વિષય : પરીક્ષા દરમ્યાન CCTV કેમેરા મોનીટરીંગ બાબત.**

આથી યુનિવર્સિટી સંલગ્ન સર્વે સંબંધિત કોલેજોના આચાર્યશ્રીઓ/સ્થળસંચાલક/સંચાલકશ્રીઓ, યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રોના પ્રો. ઇન્ચાર્જશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓના વડાઓને સવિનય જણાવવામાં આવે છે કે, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા આગામી **તા.૦૭/૦૭/૨૦૨૧ થી યુ.જી/પી.જી./બી.એડ./કાયદા ની થીયરી પરીક્ષાઓ** શરૂ થતી હોવાથી કોલેજ/સેન્ટરમાં CCTV CAMERA નુ યુનિવર્સિટી ખાતેથી લાઇવ મોનિટરીંગ થઇ શકે તે માટે કોલેજમાં રહેલ દરેક DVR ને INTERNET CONNECTIVITY આપી પરીક્ષા સમયગાળા દરમ્યાન કનેકટીવીટી ચાલુ રહે અને વીજપ્રવાહ બંધ ન રહે તે અંગેની પૂરતી કાળજી લેવાની જવાબદારી કોલેજના આચાર્યશ્રી, પી.જી. સેન્ટરના વડાની રહે છે અને જો ઉકત સમય દરમ્યાન કોઇપણ ક્ષતી રહે, તો તે સંજોગોમાં યુનિવર્સિટી દ્વારા દંડાત્મક પગલા લેવામાં આવશે જેની નોંધ લેવી તેમજ INTERNET CONNECTIVITY નહીં મળે તો તે સંજોગોમાં યુનિવર્સિટી દ્વારા કોલેજ ખાતે સ્થળ તપાસ/પરીક્ષા ચેકિંગ સ્કવોડ મોકલવામાં આવેલ હશે તે અંગેનો તમામ ખર્ચ જે તે કોલેજોએ ચૂકવવાનો રહેશે.

**અગત્યની નોંધ:-**

**માનનીય કુલપતિશ્રી ના આદેશ અનુસાર પરીક્ષામાં CCTV મોનિટરીંગ દરમ્યાન કેમેરા બંધ રહેશે તો રૂ. ૧૦,૦૦૦ થી ૨૫,૦૦૦ સુધીની દંડાત્મક રકમ ભરવાપાત્ર થશે તથા ભવિષ્યમાં પરીક્ષા સેન્ટર રદબાતલ કરવામાં આવશે તેમજ અન્ય દંડાત્મક પગલા લેવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.**

**પરીક્ષા દરમ્યાન ક્ષતિ ન રહે તે માટે માનનીય કુલપતિશ્રીની આજ્ઞા અનુસાર નીચેની બાબતોને ગંભીરતાથી લેવી.**

૧. CCTV CAMERAનું મોનિટરીંગ કરવાનું હોય તા.૦૧/૦૭/૨૦૨૧ ના રોજ પરીક્ષા કેન્દ્રોએ CAMERA સવારના ૧૧:૦૦ થી ૬:૦૦ વાગ્યા સુધીમાં યુનિવર્સિટીના CCTV વિભાગમાં CONNECT કરાવી આપવા જેની તમામ જવાબદારી કોલેજ/સંસ્થાની રહેશે. CCTV CAMERA CONNECT હોવા છતા CAMERA VIEWING ન આવે તો તેની તમામ જવાબદારી કોલેજ/સંસ્થાની રહેશે.

૨. CCTV CAMERA નુ મોનિટરીંગ કરવાનું હોય પરીક્ષા કેન્દ્રોએ CAMERA VIEWING માટે MINIMUM 10MBPSનો PLAN કોલેજ/સંસ્થાએ રાખવાનો રહેશે તેમજ CCTV CAMERA સવારના ૯:૩૦ થી ૫:૦૦ વાગ્યા સુધી યુનિવર્સિટીના CCTV વિભાગમાં CONNECT કરાવી આપવા અને બંધ ન રહે તેમજ સતત ચાલુ રહે જેની તમામ જવાબદારી કોલેજ/સંસ્થાનીરહેશે.

૩. યુનિવર્સિટી દ્વારા CCTV રેકોર્ડીંગ માગવામાં આવે ત્યારે DVD માં આપવાનું રહેશે.

૪. જે તે કોલેજનાં IP એડ્રેસમાં સૂધારો કરવામાં આવ્યો હોય તો તેવાં IP એડ્રેસ અને તેની વિગતવાર માહિતી ઇમેલ cctv.bknmu@gmail.com માં મેઇલ કરી આપવાની રહેશે.

૫. પરીક્ષા દરમ્યાન LIVE CCTV મોનિટરીંગ થઇ શકે તે માટે જરૂરીયાત મુજબના SOFTWARE નો USE કરવો પરંતુ TEAM VIEWER અને ANYDESK નો ઉપયોગ કરવો નહીં

૬. એક બ્લોકમાં એક કરતા વધારે વિષયની પરીક્ષા હોય ત્યારે અલગ અલગ બેગની વિષય આધારીત ઉતરવહી ને પેકિંગ કરાવવું.

૭. કાપડની બેગ ઉપર સુવાચ્ય અક્ષરે સ્કેચપેન થી વિગતો ભરવી. બ્લોકની ખાખી કોથળી ઉપર જુનિયર/સિનીયર સુપરવાઇઝરની સહી અને નામ ખાસ લખવું.

૮. બારકોડ સ્ટીકર લગાડવાની કાળજી રાખવી. ઇમરજન્સી બારકોડનો ઉપયોગ કરવા માટેની નોંધ હાજર ગેરહાજર રીપોર્ટમાં રાખવી.

૯. જે વિદ્યાર્થીના પરીક્ષા ફોર્મમાં ભૂલથી ખોટા વિષય પસંદ કરેલ હોય તેવા વિદ્યાર્થીની ઉતરવહીમાં ઇમરજન્સી બારકોડનો જ ઉપયોગ કરવો અને મૂળ(આવેલ) બારકોડ યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં જમાં કરાવવાના રહેશે, તો જ વિષય ફેરફારની અરજી ધ્યાને લેવામાં આવશે, જેની દરેક કોલેજના આચાર્યશ્રી/પરીક્ષા કેન્દ્રનાં સંચાલકશ્રી અને વિદ્યાર્થીએ તકેદારી રાખવી.

૧૦. પરીક્ષા પૂરી થયે દિવસ પાચમાં વિષય ફેરફાર માટેની અરજી કરી નિયમો અનુસારની ફી ભરી વિષય ફેરફારની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે અને ત્યાર બાદ આવેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહિ જેની નોંધ લેવી.

૧૧. પરીક્ષાખંડમાં ખંડનિરીક્ષકો મોબાઇલનો ઉપયોગ ના કરે તેની ગંભીરતા પૂર્વક નોંધ લેવી.

AHBapodra
**OSD**
પરીક્ષા વિભાગ

નં :- બીકેએનએમયુ/પરીક્ષા/૧૦૩૫/૨૦૨૧
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩
તા. ૨૮/૦૬/૨૦૨૧

પ્રતિ,યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/માન્ય સંસ્થાના વડાઓ તેમજ પી.જી. સેન્ટરના પ્રો.ઇન્ચાર્જશ્રીઓ તરફ...

**નકલ રવાના:-**

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી (૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે)